# Jay Yogeshwar Bhagwan Aarti

દુઃખહર્તા ભયત્રાતા ,આનંદના દાતા , પ્રભુ !

આવ્યો છું તવ દ્વારે ( ૨ ) કરુણા કરનારા ;

જય યોગેશ્વર ભગવાન !

તું છે પરમ કૃપાળુ ,મંગળ કરનારા , પ્રભુ !

ભટકી ભટકી આવ્યો ( ૨ ) શરણે હું તારા ;

જય યોગેશ્વર ભગવાન !

બુદ્ધિમંદ ઘણો છું ( ને વળી ) , શૂન્ય કર્મ મારાં , પ્રભુ !

ભાવતણો હું ભિખારી ( ૨ ) મા સમ તું દાતા ;

જય યોગેશ્વર ભગવાન !

દોડું વિશ્વમહીં તવ કાજે , શક્તિના દાતા , પ્રભુ !

થાક્યા પ્રાણ વિશે પણ ( ૨ ) ચેતન ભરનારા ;

જય યોગેશ્વર ભગવાન !

વિશ્વે તુજ સંતાનો સઘળાં ,ભૂલી ફરે તુજને , પ્રભુ !

ભાવ - ભતિ દે સૌને ( ૨ ) લાવું તવ ચરણે ;

જય યોગેશ્વર ભગવાન !

વેદ - સ્મૃતિ વિસરાયાં ને , મા સંસ્કૃતિ રડતી , પ્રભુ !

આંસુ લૂછવા કાજે ( ૨ ) બલ દેજે મુજને ;

જય યોગેશ્વર ભગવાન !

નાનો ખૂબ છતાં હું તારો , તવ શક્તિ અભિમાન , પ્રભુ !

એકલ તારા કાજે ( ૨ ) અર્પી દેવા પ્રાણ ;

જય યોગેશ્વર ભગવાન !

સ્વાર્થી વિશ્વ સકલ આ , તું જ સખા સાચો , પ્રભુ !

તવ વિશ્વાસે રમતો ( ૨ ) વિશ્વે ભૂલી ભાન ;

જય યોગેશ્વર ભગવાન !

અદ્વૈતે આનંદ દીસે એ , વેદ ખરે વદતા , પ્રભુ !

દ્વૈતે મિલન મધૂરું ( ૨ ) માણું હું ઘનશ્યામ ;

જય યોગેશ્વર ભગવાન !

**By : www.PDFSeva.Net**